For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અંતિમ સંસ્કારથી સરકારને સંદેશ

### છ દિવસથી રેસ્ક્યું ટીમના પ્રયાસો છતાં મૃતદેહ મળ્યો નહીં

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાના છઠ્ઠા દિવસે પણ વિક્રમનો પત્તો નહિ લાગતા મહીકાંઠે પુતળાને અગ્નિદાહ આપ્યો

**નરસિંહપુરાના** 22 વર્ષીય યુવાન વિક્રમસિંહ પઢિયારની કોઈ ભાળ મળી નથી, રેસ્ક્યુ કામગીરી યથાવત



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

પાદરા તાલુકાના મુજપુર-ગંભીરા બ્રિજ તૂટી પડ્યા બાદ આજે છઠ્ઠો દિવસ છે, પણ હજુ સુધી નરસિંહપુરાના 22 વર્ષીય યુવાન વિક્રમસિંહ પઢિયારની કોઈ ભાળ મળી નથી. રોજ નવી આશા સાથે વિક્રમના પરિવારજનો અને ગામના લોકો રાહ જોઈ રહ્યા હતા. રેસ્ક્યુ ટીમના પ્રયાસો છતાં પણ વિક્રમસિંહનો મૃતદેહ મળ્યો નહીં. આખરે, પરિવારની ધીરજ સમાપ્ત થઈ અને આજે તેમણે પોતાના જ વ્હાલસોયાનું પુતળું બનાવી એ જ મહીસાગર નદીના કાંઠે વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરી દીધો. પરિવારે મોટા દુઃખ સાથે જણાવ્યું કે, “અમે હવે એ આશા પર જીવી રહ્યાં છીએ કે કદાચ ક્યારેક તેના અવશેષો મળે તો યોગ્ય વિધિ કરી શકીએ.” વિક્રમસિંહની દીકરી નિરાલીનો જન્મદિવસ થોડા દિવસ પહેલાં જ પિતાએ હર્ષભેર ઉજવ્યો હતો. આજે એ જ પિતા જીવતા છે કે મૃત્યુ પામ્યા એ અંગે સ્પષ્ટતા પણ નથી, પણ પરિવારને સંતોષવો પડ્યો છે કે હવે વિક્રમ બચ્યો નથી. વિક્રમની પત્ની હીનાબેન છેલ્લા છ દિવસથી ગમમાં છે, અન્ન-જળ પણ લીધું નથી. પરિવારનું દુઃખ એટલું ઊંડું છે કે બોલી શકતું નથી, પણ એનાં આંસુ બધું કહી જાય છે.

ગામના લોકોએ જણાવ્યું કે, “છઠ્ઠા દિવસે પણ જ્યારે તંત્રથી કોઈ ઠોસ પરિણામ નહીં મળ્યું ત્યારે અમે જાતે નાવ લઈને નદીમાં શોધ શરૂ કરી. અમે આશરે 20 કિમી નદી પટમાં ચકાસણી કરી. તંત્રના નામે માત્ર બતાવા માટેની કામગીરી ચાલી રહી છે.” ત્રાજદી એ છે કે બ્રિજ તૂટી પડ્યા પછી વિક્રમસિંહની બાઈક મળી આવી, પણ તેઓ ક્યાં છે એ કોઈને ખબર નથી. તંત્રનું માનવું છે કે, કદાચ તેઓ તૂટેલા સ્લેબના ભારે કાટમાળ નીચે દબાઈ ગયા હોય. પણ એ કાટમાળ એટલો ભારે છે કે તોડવાની કામગીરીમાં પણ સમય લાગી રહ્યો છે. સામાન્ય લોકો માટે એ સમજવું મુશ્કેલ છે કે સરકાર પાસે જ્યારે વિશિષ્ટ સાધનો છે ત્યારે એક કાટમાળ તોડવામાં છ દિવસ કેમ લાગે છે ?

## શહેરના વિવિધ 43 બ્રિજમાંથી 41 બ્રિજને સેફઝોનમાં ગણાવતાં પાલિકાતંત્રને અરીસો !

### વડસર બ્રિજની જર્જરિત હાલતથી સ્થાનિકોમાં ભયનો માહોલ




વડોદરા : વડસર ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ વડસર ગામના 62 વર્ષ જુના બ્રિજની જર્જરિત હાલતને લઈ બ્રિજ નીચે વસવાટ કરતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિકોનું કહેવું છે કે, રાત્રે ડરના કારણે ઊંઘ પણ નથી આવતી. ભારે વાહનો બ્રિજ પરથી પસાર થાય ત્યારે બ્રિજમાંથી કાંકરા ખરે છે અને બ્રિજ ધ્રુજતો અનુભવાય છે. સ્થાનિકોએ અનેકવાર તંત્રને ફરિયાદ કરી હોવા છતાં માત્ર સિમેન્ટના પ્લાસ્ટર કરી દેવામાં આવે છે, પરંતુ કોઈ મક્કમ કાર્યવાહી કરવામાં આવતી નથી.

### VMCની બેદરકારી આરાધના સિનેમાથી બહુચરાજી સ્મશાન તરફ જતો બ્રિજ જોખમી




વડોદરા : વડોદરા શહેરમાં બ્રિજોની જર્જરિત હાલત સામે પાલિકા તંત્રની ગંભીર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. તાજેતરમાં પાદરા નજીકના ગંભીરા પુલ દુર્ઘટનાની ઘટના બાદ પણ વડોદરા મહાનગરપાલિકા માત્ર બ્રિજોની મુલાકાત અને રિપોર્ટ તૈયાર કરવામાં જ વ્યસ્ત જોવા મળી રહી છે, જ્યારે નક્કર કામગીરીનો અભાવ સ્પષ્ટ જોવા મળે છે. શહેરના આરાધના સિનેમાથી બહુચરાજી સ્મશાન તરફ જતો બ્રિજ અત્યંત જર્જરિત હાલતમાં છે.

### રણોલી રેલવે ઓવરબ્રિજ બે વર્ષમાંજ ખખડધજ થતાં ભારદારી વાહનો માટે પ્રતિબંધ




વડોદરા : વડોદરા જિલ્લાના રણોલી રેલવે ઓવરબ્રિજને લઈને ફરી એકવાર તંત્રની કામગીરી અને બ્રિજોની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે. માત્ર બે વર્ષ પહેલાં, 20 મે 2023એ તત્કાલીન સાંસદ રંજનબેન ભટ્ટ અને ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા હાજરીમાં આ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજનો એક ભાગ 2017માં તૂટી પડ્યો હતો, જેનું સમારકામ લગભગ છ વર્ષ બાદ પૂર્ણ થયું હતું. લોકાર્પણ બાદ માત્ર 6 જુલાઈ 2023એ જ બ્રિજ પર મોટા ગાબડાં પડ્યા હતા, છતાં તંત્રએ તેને ભારદારી વાહનો માટે ખુલ્લો રાખ્યો હતો.

### ગંભીરા બ્રિજ પર તંત્રની બુદ્ધિનું પ્રદર્શન, દીવાલ ચણી નાખી અને રેસ્ક્યુ વાહનો અંદર રહી ગયા



ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ વાહનોની અવર-જવર રોકવા માટે તંત્ર દ્વારા બ્રિજ પર તંત્રે બુદ્ધિનું પ્રદર્શન કર્યું છે. દીવાલ ચણી નાખી પણ રેસ્ક્યુ વાહનો અંદર રહી ગયા છે. ગંભીરા બ્રિજ પર હજુ પણ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં 20 મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે અને હજુ પણ નરસિંહપુરા ગામના ગુમ વિક્રમ રમેશ પઢિયારને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે. ગુમ થયેલા વ્યક્તિને શોધવા માટે બચાવ ટીમો રબર બોટ અને અન્ય જરૂરી સાધનોનો ઉપયોગ કરીને શોધખોળ કરી રહી છે. નાના વાહનોના કાટમાળને પણ નદી કિનારે ખેંચી લેવામાં આવ્યા છે. પોલીસ, આર એન્ડ બી અને અન્ય એજન્સીઓ ઘટનાસ્થળે હાજર છે. વડોદરા જિલ્લાના અભણ તંત્રનો ફરી એક વખત બોલતો પુરાવો સામે આવ્યો છે.

### વાઘોડિયામાં આવેલી પારૂલ યુનિવર્સિટી ફરી વિવાદમાં

# વિવાદીત પારૂલ યુનિ.ના મેસમાં નોકરી કરતા યુવકનો ભાઇ યુવતી અને તેની સગીર બહેનને ભગાડી ગયો

**એક** દિવસ ઘરે રાખ્યા બાદ બંનેને સાવલીના ડેસર ખાતે રઝળતી મુકી યુવક ફરાર થઇ ગયો




(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વારંવાર વિવાદોમાં આવતી પારૂલ યુનિવર્સિટીમાં કેન્ટીન નોકરી કરતા યુવકના ભાઇ યુવતી તથા અને તેની 14 વર્ષીય સગીર બેહનને બાઇક પર બેસાડી ભગાડી ગયો હતો. બંનેને એક દિવસ તેના ઘરે રાખ્યાં બાદ યુવતી તથા સગીરાને સાવલીના ડેસર ખાતે રઝળતી મુકીને યુવક ભાગી ગયો હતો. પિતાના જાણ થતા તેઓ બંને દીકરીઓને ઘરે લઇ આવ્યાં હતા. વાઘોડિયા તાલુકામાં આવેલી અને વારંવાર વિવાદોમાં આવતી પારૂલ યુનિવર્સિટી વધુ એકવાર વિવાદમાં ઘેરાઇ છે. યુનિવર્સિટીના કેન્ટીનમાં નોકરી કરતા સમીર નામના યુવકના ભાઈ દ્વારા ત્યાં કામ કરતી એક 19 વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. છેલ્લા કેટલાક સમયથી ભગાડી સમીરનો ભાઇ યુવતીને ભગાડી જવા માટે પ્રયાસ કરતો રહેતો હતો. દરમિયાન 11 જુલાઇના રોજ યુવકે યુવતીને ઈશ્વરપુરા ગામના પાટિયા પાસે મળવા માટે બોલાવી હતી. ત્યારબાદ 19 વર્ષીય યુવતી અને તેની 14 વર્ષીય નાની બહેનને યુવક બાઇક પર લગ્ન કરવાની લાલચ આપીને ભગાડી ગયો હતો. ત્યારબાદ યુવતી તથા તેની બહેનને પણ તેના ઘરે લઇ ગયો હતો અને તેના એક દિવસ રાખ્યાં બાદ યુવક યુવતી તથા તેની બહેનને સાવલી તાલુકાના ડેસર ખાતે રઝળતી મુકી ભાગી ગયો હતો.

જેની જાણ યુવતીના પિતાના થતા તેઓ યુવતી અને તેની સગીર બહેનને ઘરે લઇ આવ્યાં હતા. યુવક એકલી ડેસરમાં મુકી ગયો હોવાના કારણે એક દિવસ સુધી બંને એકલી બસ સ્ટેન્ડ પર રાત વિતાવી હોવાનું યુવતીના પિતાએ જણાવ્યું હતું.

### રોડની કામગીરીમાં ફરી વેઠ ઉતારાઇ હોવાની બૂમો ઉઠી

# કારેલીબાગ પાણીની ટાંકી તરફ જવાના માર્ગે વિશાળ ભુવો પડતા લોકોમાં રોષ

શાકભાજી બજારમાં આવતા લોકોને પડશે હાલાકી



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

કહેવાતી અને કાગળ પરની સ્માર્ટ સિટી વડોદરા હવે ખાડોદરા બની ગઈ છે. શહેરમાં આવે રોડ નહીં પણ જ્યાં જુઓ ત્યાં ખાડા નજરે પડી રહ્યા છે. દરેક દિવસે શહેરના જુદા જુદા વિસ્તારોમાં ભુવા નિર્માણ પામી રહ્યા છે, તેવામાં વધુ એક ભુવો કારેલીબાગ વિસ્તારમાં નિર્માણ પામ્યો હતો. પાણીની ટાંકી તરફ જવાના મુખ્ય માર્ગે જ્યાં શાકભાજી બજાર ભરાય છે, તે માર્ગ ઉપર મોટો ભુવો આકાર પામ્યો છે હાલ અંદરથી પહોળો અને હજી પણ જો આ ભુવાનું રીપેરીંગ કામ કરવામાં નહીં આવે તો મોટું સ્વરૂપ ધારણ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે હાલ આ ભુવાને લગાવીને કોર્ડન કરવામાં આવ્યો છે.

સ્થાનિક મુકેશભાઈએ જણાવ્યું હતું કે કારેલીબાગ વિસ્તારમાં જ્યાં વેજીટેબલ માર્કેટ આવેલું છે. અહીંયા દરરોજ મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. આજે અહીં મસ્ત મોટો ભુવો પડ્યો છે, તંત્રની આ સંતોષકારક કામગીરી ના કહેવાય. આ રોડ પણ હજી હાલમાં જ બનેલો છે. આ કામગીરી કેવી કરી જેનું પુરાણ બરાબર નહીં કરવાના કારણે આટલો મોટો ભૂવો પડી ગયો છે.

હજી સંસ્કારી નગરીમાં એટલો બધો વરસાદ નથી પડ્યો કે, જેનાથી આ ભુવા પડી રહ્યા છે. હવે એવું થઈ ગયું છે કે, તમે વડોદરામાં જ્યાં જ્યાં જાવ ત્યાં રોડ ના મળે પણ ખાડા ચોક્કસ મળે. આખે આખી ગાડી અંદર ઘૂસી જાય એટલો મોટો આ ભુવો પડ્યો છે. કોઈ અકસ્માત થશે તો જવાબદારી કોની ? ખાલી કોન્ટ્રાક્ટર ઉપરના છોડો તમે જાતે અહીંયા વિઝિટ કરો કે જેનાથી તમને ખબર પડે કોન્ટ્રાક્ટ કાપીને હાથ છુટા ના કરાય, તમે પછી કહો કે એન્જિનિયરની ખામી છે અરે એમની ખામી હોય તો પબ્લિક કેવી રીતે ભોગવે.

### પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીની વિવિધ શાખાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા

# પ્રજ્ઞાન ઓરિએન્ટેશન દ્વારા નવા શૈક્ષણિક સત્રની ઉત્સાહભરી શરૂઆત



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ માટે પ્રજ્ઞાન ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનો ઉદ્દેશ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ફેકલ્ટી, તેની વિવિધ શાખાઓ તથા યુનિવર્સિટી સંલગ્ન સેવાઓ વિષે માહિતી આપી તેમને અભ્યાસ યાત્રાની શરુઆતમાં માર્ગદર્શન આપવાનો રહ્યો હતો. ત્યારબાદ અનુક્રમે ડો.ત્રિલોક સિંઘ મહેરાએ નાટ્ય વિભાગ, ડો.વિશ્વાસ સંતે વાદ્ય વિભાગ સિતાર-વાયોલિન, ડો.દિવ્યા પટેલે નૃત્ય વિભાગ ભરતનાટ્યમ તથા કથ્થક, તથા ડો. કેદાર મુકાદમે તબલા વિભાગની જાણકારી તેમજ પરિચય આપ્યો હતો. આ ઉપરાંત, SSIP 2.0 અંતર્ગત સ્ટાર્ટઅપ અવેરનેસની માહિતી ડો.પ્રશાંત મુરુમકરે અને ડો. કેદાર મુકાદમે ફેકલ્ટિ કોર્ડિનેટરે આપી. ડો.ધવલ નામજોશીએ શારીરિક શિક્ષણ વિભાગ, ડો.શ્વેતા પ્રજાપતીએ ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, ડો.સોનલ મિશ્રાએ યુનિવર્સિટી હેલ્થ સેન્ટર, ડો.વિજય પરમાર અને હિરલ પરમારે અનુક્રમે NCC અને NSS, મોના પરમારે લાઈબ્રેરી અને કિરણ કંસારાએ ફેકલ્ટી ઓફિસ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સ્પોર્ટ્સ કોર્ડીનેટર જનક જાસકિયાએ વિદ્યાર્થી જીવનમાં રમતગમતના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. જ્યારે વિદ્યાર્થી કોર્ડિનેટર ડો. જયદીપ લકુમે વિદ્યાર્થીઓને શૈક્ષણિક તથા સંસ્થાગત સંલગ્નતાનું માર્ગદર્શન આપ્યું હતું. અંતે, ફેકલ્ટીના ડીન પ્રો. ગૌરાંગ ભાવસારે વિદ્યાર્થીઓને ઉદ્બોધિત કરતાં જણાવ્યું કે, આ સંસ્થાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, તેમાં ચાલી રહેલા શિષ્ટાચાર અને સર્જનાત્મકતાનો સંગમ વિદ્યાર્થીઓ માટે માત્ર શિક્ષણ નહીં પરંતુ, જીવનમુલ્ય શીખવાનું માધ્યમ બની રહે છે.

### ધાર્મિક બી. દવે આ વધારાની જવાબદારી નિભાવશે

# વડોદરા પાલિકાના ચીફ એકાઉન્ટન્ટને ડે. મ્યુનિસિપલ કમિશનરનો ચાર્જ સોંપાયો

**શહેરના** સીટી એન્જીનીયર અલ્પેશ મજમુંદારની તબિયત નાદુરસ્ત હોવાના કારણે નિર્ણય લેવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા ઠરાવ અનુસાર, ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (દક્ષિણ ઝોન) તરીકેના ચાર્જની તાત્કાલિક સુપરત કરાઈ છે. આ નિર્ણય શહેરના સીટી એન્જીનીયર અલ્પેશ મજમુંદારની તબિયત નાદુરસ્ત હોવાના કારણે લેવાયો છે. તેઓ ૧૦ જુલાઈ ૨૦૨૫થી ૧૫ જુલાઈ ૨૦૨૫ સુધી સિક રજા પર છે. સંતોષ તિવારી હાલના ચીફ એકાઉન્ટન્ટ તરીકેની ફરજ સાથે ડે.મ્યુનિસિપલ કમિશનર (દક્ષિણ ઝોન), મિકેનિકલ, વાહન પૂલ વર્કશોપ અને સીટી બસ વિભાગનો કાર્યભાર પણ સંભાળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અન્ય મહત્વપૂર્ણ ખાતાઓ જેમ કે પાણી પુરવઠા વિભાગ અને ડ્રેનેજ-સુવિધા વિકાસ કાર્ય અંગેનો ચાર્જ કાર્યપાલક ઈજનેર તથા હેન્ડલિંગ એડી.સીટી. એન્જીનીયર તરીકે ફરજ બજાવતા ધાર્મિકકુમાર બી. દવેને સોંપવામાં આવ્યો છે. તેઓ હાલની ફરજો ઉપરાંત આ વધારાની જવાબદારી નિભાવશે.

### વોર્ડ 5 માં સરદાર એસ્ટેટ વિસ્તારમાં હંગામી દબાણો પર દબાણ શાખાની કાર્યવાહી

# પૂર્વ વિસ્તારમાં દૂર કરાયેલા દબાણો ફરીથી પૂર્વવત થતાં અધિકારીઓની કામગીરી પર શંકા



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં દબાણો દૂર કરવાની કામગીરીમાં પાલિકા એક્ટિવ થઈ છે. ખાસ કરીને વોર્ડ નં. 5ની કચેરી હેઠળના વિસ્તાર, જેમાં સરદાર એસ્ટેટનો સમાવેશ થાય છે, ત્યાં તંત્રએ દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. સવારથી જ સ્થળ પર પહોંચી કર્મચારીઓએ પથારીદારો, ફૂટપાથના વેપારીઓ તથા અન્ય અનધિકૃત હંગામી દબાણો દૂર કર્યા હતા. સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓએ આ પગલાનું સ્વાગત કર્યું, કારણ કે લાંબા સમયથી રસ્તાઓ પર દબાણો હોવાને કારણે ટ્રાફિક તેમજ ચાલતી જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. પરંતુ આ કાર્યવાહી પર એક મોટો પ્રશ્ન પણ ઊભો થાય છે. સ્થાનિકોનું કહેવું છે કે, આવા હંગામી દબાણો દૂર તો થાય છે પણ થોડી જ વાર પછી ફરીથી એ જ જગ્યા પર તે દબાણો ઉભા થઈ જાય છે. કેટલાક સ્થાનિકો એ તાકીદપૂર્વક ઉલ્લેખ કર્યો કે પાલિકા અધિકારીઓની રહેમ નજર હેઠળ આ દબાણો ફરીથી પરત આવે છે. વિશેષ જાણકારી મુજબ, અગાઉ પણ સરદાર એસ્ટેટ અને આસપાસના વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ કડક નિયંત્રણ ન હોવાને કારણે ફરીથી અનધિકૃત વ્યાપારીઓ તથા પથારીદારો એ જગ્યા પર સક્રિય થઈ જાય છે.

### ભાયલી વિસ્તારને અશાંતધારા હેઠળ આવરી લેવાની માંગ સાથે કલેક્ટરને આવેદન

# પ્રધાનમંત્રી આવાસો અને મુખ્યમંત્રી આવાસ યોજનાના મકાનો ફક્ત હિન્દુઓને ફાળવવા રજૂઆત

**પ્લેકાર્ડ્સ** અને સૂત્રોચ્ચાર સાથે ભાયલીના સ્થાનિકો મોટી સંખ્યામાં કલેકટર કચેરી ખાતે પહોંચ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ભાયલી વિસ્તારમાં આગામી દિવસોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો તેમજ મુખ્યમંત્રી આવાસ યોજનાના મકાનો માટેના ડ્રો થનાર છે ત્યારે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં હિન્દુ વસ્તી હોય આવાસ યોજનાના મકાનોમાં ફક્ત હિન્દુ લાભાર્થીઓને જ આવાસો ફાળવવામાં આવે તથા ભાયલી વિસ્તારને અશાંત ધારા હેઠળ આવરી લેવાની માંગ સાથે ભાયલી વોર્ડ નં.10 વિસ્તારના નાગરિકોએ મોટી સંખ્યામાં પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર સાથે કલેક્ટર કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર સાથે રજૂઆત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આ વિસ્તારને અશાંત ધારા હેઠળ આવરી લેવામાં આવે તેવી માંગ ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા (સોટ્ટા) દ્વારા કરવામાં આવી હતી અને આગામી દિવસોમાં પણ મુખ્યમંત્રી ને મળીને આ હિન્દુ વિસ્તારમાં અશાંત ધારા લાગુ કરવાની રજૂઆત સાથે સાથે અહીં પ્રધાનમંત્રી આવાસો અને મુખ્યમંત્રી આવાસ યોજનાના મકાનોમાં ફક્ત હિન્દુ લાભાર્થીઓને જ મકાનો ફાળવણી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવશે.

### કુંભારવાડામાં રહેતો યુવક પોતાના મિત્રને મળવા ગયો હતો

# પ્રતાપનગર બ્રિજ નીચે તુ અહિયા કેમ ઉભો છે તેમ કહી યુવકને 3 જણાએ માર્યો

ફરીથી અહીયા દેખાઇશ તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરના કુંભારવાડા વિસ્તારમાં અગ્રવાલ ડેરીની સામે રહેતા જયદીપ નારાયણભાઈ માળી (ઉં.વ.26) ડીજેનો ધંધો કરે છે. 13 જુલાઈના રોજ સવા બાર વાગ્યાના અરસામાં ઘરેથી એક્ટિવા લઈને મિત્રો ઓમ બલવંતસિંહ દરબાર તથા હરશુ ડોડિયા મળવા માટે પ્રતાપનગર બ્રિજ નીચે ગયા હતા. ત્રણ મિત્રો ત્યાં ઉભા રહી વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન દેવેન્દ્ર ઉર્ફે દેવો રાઠોડ,કૌશિક મકવાણા અને શિવમ ત્યાં ધસી આવ્યાં હતા. ત્યારબાદ દેવેન્દ્ર એ તેમને અહિયા તુ કેમ ઉભો છે તેવુ કહેતા યુવકે મિત્રોને મળવા માટે આવ્યો છે તેવું જણાવ્યું હતું. ત્યારબાદ કૌશિક મકવાણા કહેવા લાગ્યો હતો કે તુ તારા ઘરે જતો રહે તારે અહી આવવુ નહી તેમ કહીને ત્રણ જણા ગાળો ભાંડવા લાગ્યાં હતા. જેમા કૌશિવ મકવાણાએ તેની કમર પરથી પટ્ટો ઉતાર્યો હતો અને જયદીપને મારવા લાગ્યો હતો. ત્યારબાદ દેવેન્દ્ર અને શિવમે પણ માર માર્યો હતો. ત્રણે જણાએ આ મહોલ્લો અમારો છે તારે અહી આવવુ નહી જો બીજી વખત અહી દેખાયો તો તને જીવતો છોડીશુ નહી. લોકોના ટોળા ભેગા થઈ ગયા અને યુવકને બચાવ્યો હતો.ત્યારબાદ ત્રણ જણા ઘટના સ્થળ પરથી ભાગી ગયા હતા. જેથી યુવકે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દેવેન્દ્ર ઉર્ફે દેવો રાઠોડ, કૌશિક ગુણવંત મકવાણા તથા શિવમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### તસ્કરો મોડી રાત્રીના સમયે કોઇ વાહનમાં ભરી પ્લેટો લઇ ફરાર

# નવાયાર્ડ વિસ્તારમાં સેન્ટિંગ ભરવા માટે રાખેલી લોખંડની 118 પ્લેટોનો ચોરી

**કોન્ટ્રાક્ટર** ભાડેથી સેન્ટિંગની રૂ.99 હજારની પ્લેટો લાવ્યાં હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

નવાયાર્ડ વિસ્તારમાં આવેલી સોસાયટીના મકાનનું કામ કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવ્યું હતુ. ત્યારે સ્લેબ ભરવાની કામગીરી માટે તેઓએ મિત્ર પાસેથી ભાડે 118 લોખંડની પ્લેટો રૂ.99 હજાર લઈ આવ્યાં હતા અને મકાન પાસે મુકી હતી. પરંતુ આ લોખંડની પ્લેટો કોઇ તસ્કરો રાત્રીના સમયે આવીને વાહન ભરી ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેથી કોન્ટ્રાક્ટરે ચોરીની ફરિયાદ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા બંસલ મોલની બાજુમાં ગંગોત્રી ગ્રીનીમાં રહેતા પ્રગ્નેશભાઈ રઘુનાથ પાઠક બિગ કન્ટ્રકશનની કામગીરી કરી છે. ગત મે મહિનામાં નવાયાર્ડ વિસ્તારમાં આવેલી સરદારનગર સોસાયટીના મકાનમાં રહેતા કેદારભાઈ પ્રદીપભાઈ નાથના મકાનનું કન્ટ્રકશનનું કામ કરવાનો કોન્ટ્રાક્ટ તેમને મળ્યો રહતો. જેથી હજુ તેમણે સાઈટનું કામ એક મેના રોજથી શરૂ કર્યું હતું અને મકાનનો પહેલો સ્લેબ ભરવા માટે કોન્ટ્રાક્ટરે સેન્ટીંગની લોખંડની પ્લેટો ગધેડા માર્કેટ ખાતે રહેતા તેમના મિત્ર ગીરીશ પ્રજાપતી પાસેથી ભાડેથી કામગીરી કરવા માટે લાવ્યા હતા. કમકાનનું કામ પહેલા માળનો સ્લેબ ભરવાનો બાકી હતો. 20 જૂનના રોજ કોન્ટ્રાક્ટર રૂટીન મુજબ સાઈટ પર કામ પર આવ્યાં હતા અને સાઈટ ઉપર લોખંડની સેન્ટીંગની 118 નંગ પ્લેટો કિંમત રૂ.99 હજાર મકાનની બાજુની જગ્યા પર મુકી હતી. જે લોખંડની પ્લેટોની સાઈટ પર શોધખોળ કરી હતી તેમજ તેમના ત્યાં કામ કરતા શ્રમિકોને પણ પુછતા લોખંડની પ્લેટોનો કોઈ અતો પતો લાગ્યો ન હતો. કોન્ટ્રાક્ટર સહિતના શ્રમિકો કામ પતાવીને ઘરે ગયા હતા. તે દરમિયાન રાત્રીના સમયે તસ્કરો કોઈ વાહન લઈને આવ્યા હતા અને મોડીરાત્રીના સમયે સેન્ટિંગની લોખંડની 118 પ્લોટ વાહનમાં મુકીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી કોન્ટ્રાક્ટરે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોધાવી છે.